# અરવલ્લી જિલ્લા સેવા સદનમાં ફાઈબર કેબલ કપાતા ઓનલાઈન સેવા બે દિવસથી ઠપ્પ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લા સેવા સદનમાં ગઈકાલથી ઈન્ટરનેટ ટેબલ પર કર્મચારીઓ ગાયબ જોવા મળ્યા હતા મહેસુલી કર્મચારીઓની હડતાળના પગલે અરજદારોના ઓનલાઈન કામકાજ બંધ થયા છે. ઈન્ટરનેટ બંધ થતાં જનસેવા કેન્દ્ર ખાતે આવતા અરજદારોને હાલ



સેવા ઠપ્પ થતાં અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. મંગળવારે બપોરે બે વાગ્યાથી અચાનક ઈન્ટરનેટ સેવા ખોરવાતા અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. સરકારી કામકાજ અર્થે દૂર દૂરથી આવતા લોકોને ઈન્ટરનેટ સેવા ખોરવાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઓનલાઈન સેવા ખોરવાતા ટેબલ પર બેઠેલા કર્મચારીઓ પણ ખોવાયા હોય તેમ મોટા ભાગના સપ્તાહથી ટલ્લે ચઢેલા કામ ઈન્ટરનેટના અભાવે અટકી પડતા અરજદારોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

નેશનલ હાઈવે પર ચાલતાં રોજના કામકાજને લઈને કેબલ કપાતા ઈન્ટરનેટ સેવા ખોરવાઈ છે. ઈન્ટરનેટ સેવા બંધ થતાં અરવલ્લી જિલ્લાની તમામ કચેરીઓ જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક તેમજ જિલ્લા પંચાયત કચેરીમાં ચાલતા તમામ કોઈ જ સેવાનો લાભ નથી મળી રહ્યો જેથી ઉતારો, આવકના દાખલા, ડોમિસાઈલ સર્ટી, રેશનકાર્ડ જેવી તમામ સેવા હાલ બંધ છે. ઈન્ટરનેટ સેવા ક્યારે ચાલુ થાય તેનો કોઈ નિશ્ચિત સમય નથી પણ હાલ તો અરજદારોએ હાલાકીનો સામનો કરી રહ્યા છે. જનસેવા કેન્દ્રમાં એવા કેટલાય અરજદારો મળ્યા કે જેઓ અક્ષમ હતા તેમ છતાં કચેરીઓના ધક્કા ખાવાનો વારો આવે છે.

# ધાનેરા તાલુકાના રાજીવ ગાંધી ભવનના કામો ફક્ત કાગળ ઉપર તંત્ર મૌન

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રાજીવ ગાંધી ભવન ના કામ માટે કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે જેમાં ધાનેરા તાલુકામાં રૂણી, શેરગઢ, સીલાસણા, રાજોડા, ભાટરામ, અનાપુરગઢ, રવિયા, ગોલા, નાનુડા, માલોત્રા, આશિયા, માં આઠ વર્ષ પહેલા મંજૂર કરાયેલા રાજીવ ગાંધી ભવન ખંડેર હાલતમાં અને અધૂરા પડ્યા છે.

ધાનેરા તાલુકા પંચાયતના અધિકારીઓ સરપંચો ને રજૂઆત કરવામાં આવેલ છે આ રાજીવ ગાંધી ભવન માં સરપંચો તલાટી અને કોન્ટ્રાક્ટર તેમજ તાલુકા પંચાયતના અધિકારીઓની મિલીભગતથી કામો કાગળો પર પડ્યા છે.

આ બાબતે વારંવાર રજૂઆતો પત્રકાર માધ્યમ દ્વારા તેમજ અખબારો દ્વારા તેમજ ટી.ડીઓ કલેકટર સાહેબ ડી.ડી.ઓ મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરવામાં આવેલ છે પરંતુ આ બાબતે ધાનેરા તાલુકા પંચાયતના અધિકારીઓ ઘ્વારા કોઈ કાર્યવાહી કરતા નથી કેમ શું આ બધા અધિકારીઓની મીલીભગત હોય શકે ? વારંવાર રજૂઆતો કરવા છતાં તાલુકા વિકાસ અધિકારી જે તે સમયના સરપંચ તલાટી અને કોન્ટ્રાક્ટર પર કોઈ કાર્યવાહી કરતા નથી આવા અનેક મુદ્દાઓ છે તે પંચાયત ના અધિકારીઓ સરકારી નાણાંનો દુર ઉપયોગ કરી પોતાના ખિસ્સા ભરી રહ્યા છે? આ બાબતને કલેકટર સાહેબ તાકીદે તપાસ કરી જુના અધૂરા રાજીવ ગાંધી ભવન ના કરેલ કામો પર યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે અને કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી?

# માલપુરમાં ધોબી પરિવારને ફૂડ પોઈઝનિંગની ઝેરી અસર થતા ૪ સભ્યોને સારવાર અર્થે મોડાસા ખસેડાયા

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લાના માલપુર નગરના ધોબી પરિવારે મંગળવારે બપોરે ચાર સભ્યોએ ભોજન આરોગ્ય બાદ ઝેરી અસર થતા પરિવારના ચાર સભ્યોને એક પછી એક શરીરમાં ધ્રુજારી સાથે મોઢામાંથી ફીણ બહાર આવતા અને ઉલ્ટીઓ થતા પરિવારજનો ગભરાઈ ગયા હતા. ફૂડ પોઈઝનિંગનો ભોગ બનેલા ૪ લોકોને તાબડતોડ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા તબીબોની સઘન સારવારના પગલે ૪ સદસ્યોનો આબાદ બચાવ થયો હતો.

માલપુરમાં રહેતા જયંતિભાઈ ધોબી અને તેમના પરિવારે મંગવારે બપોરે રાબેતા મુજબ તેમની પત્નીએ બનાવેલ બાજરાનો રોટલો અને દાળ પરિવારના સદસ્યો સાથે ભોજન આરોગ્ય બાદ જયંતીભાઈની તબિયત લથડ્યા પછી તેમની પત્ની અને પુત્ર-પુત્રીને પણ ખોરાકી ઝેરી અસર થતા અને જયંતીભાઈને



ગંભીર અસર થતા તાબડતોડ ધોબી પરિવારના ૪ સભ્યોને સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા, જેમાં જયંતીભાઈની સ્થિતિ નાજુક હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી ધોબી પરિવારના ૪ સદસ્યોને ફૂડ પોઈઝનિંગની અસર થતા માલપુર નગરમાં ભારે અરેરાટી વ્યાપી હતી.

બાજરાના રોટલા અને દાળ આરોગવાથી ફૂડ પોઈઝનિંગ અંગે શહેરના તબીબે જણાવ્યું હતું કે, કદાચ બાજરાનો લોટ ઘણાં સમયથી પડતર હોય જેમાં બેકટરીયા હોવાથી પેટમાં ગયા હોય અને તેની ઝેરી અસર થઈ શકે છે તેવું જણાવ્યું હતું.



**પાલનપુરમાં દબાણ હટાવવામાં પાલિકાની બેવડી નીતિનો મામલો કલેક્ટર પાસે પહોચ્યો**

પાલનપુર શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો હટાવવાની કામગીરી ચાલી રહી છે જિલ્લા કલેક્ટર સૂચના અનુસાર એરોમા સર્કલથી શહેર તરફ ના સર્વિસ માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ દબાણ હટાવવાની સૂચના પાલિકા આપી હતી જો દબાણ દૂર કરવામાં પાલિકાની બેવડી નીતિ જોવા મળી હતી પાલિકા દ્વારા સ્થાનિક વેપારીઓના દબાણ હટાવવામાં આવતા સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો હતોઅને નારાજ થયેલા સ્થાનિક લોકો દબાણ મામલે પાલિકાની બેવડી નીતિ ની કલેક્ટર ને રજુઆત કરી હતી બાદમાં નિવાસી અધિક કલેક્ટરે ટ્રાફિકને અડચણરૂપ તમામ દબાણ હટાવવાનો આદેશ આપતા આજે ગરમ વસ્ત્રોનો તિબેટીયન માર્કેટ નગરપાલિકાએ બંધ કરાવી દીધા હતા કોઈ પણ પ્રકાર ની સ્થાનિક તંત્રની મંજૂરી વગર બહાર આવેલ તિબેટીયન વેપારીઓ મુખ્ય માર્ગ કબજો કરી દીધો હતો. હાલમાં ઠંડી મૌસમ માં વેપાર કરવા આવેલ તિબેટીઅન લોકો નું પાલિકા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથધરતા તેઓ પણ કલેક્ટર કચેરી પહોંચ્યા હતા.

# ગુજરાતના વરિષ્ઠ પત્રકાર ભૂપતભાઈ પારેખનું દુઃખદ નિધન

અમદાવાદ,તા.૧૮

ગુજરાતના જાણીતા સિનિયર પત્રકાર અને હિન્દુસ્થાન સમાચાર નામની ન્યૂઝ એજન્સીના સંચાલક શ્રી ભૂપતભાઈ પારેખનું આજે નિધન થયું હતું. તેમની અંતિમયાત્રા આજે ૧૮મીએ બપોરે ૨ વાગે તેમના નિવાસસ્થાનેથી નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ગણમાન્ય પત્રકારો-તંત્રીઓ અને સ્વજનો જોડાયા હતા. સ્વ.ની પ્રાર્થના સભા શુક્રવાર ૨૦મીએ માણેકબાગ હોલ, આંબાવાડી ખાતે સવારે ૯થી ૧૨ની વચ્ચે રાખવામાં આવી છે.



ગુજરાતના પત્રકારત્વક્ષેત્રે આગવી નામના ધરાવનાર અને પત્રકારઆલમમાં પારેખસાહેબના નામથા ઓળખાતા શ્રી ભૂપતભાઈ પારેખનું ટૂંકી બિમારી બાદ આજે નિધન થયું હતું. કટોકટી કાળમાં હિન્દુસ્તાન સમાચાર નામની ન્યૂઝ એજન્સીને પણ પ્રિસેન્સરશીપનો સામનો કરવો પડ્યો હતો. અને એજન્સી બંધ કરી દેવામાં આવી હતી. જેની હેડ ઓફિસ દિલ્હી ખાતે હતી. જો કે ભૂપતભાઈએ ગુજરાતમાં કેટલાક દૈનિકોના માલિકો અને તંત્રીઓ તથા અન્ય સાથી પત્રકારોની સાથે ચર્ચા વિચારણા અને માર્ગદર્શન મેળવીને ગુજરાતમાં હિન્દુસ્થાન સમાચાર નામથી અલગ એજન્સી શરૂ કરી હતી. તેમણે ધીમી પણ મક્કમ ગતિએ એજન્સીને સફળ બનાવી હતી અને ગુજરાતમાં સંખ્યાબંધ નાના મોટા દૈનિકો તેમની સેવા લેતા હતા.

ભૂપતભાઈ પારેખ એક એવું નામ હતું કે ગુજરાતમાં કે દિલ્હીમાં કોઇ એવા રાજકારણી કે વડાપ્રધાન કે મુખ્યમંત્રી નહીં હોય કે જેઓ પારેખસાહેબને ઓળખતાં નહીં હોય. તેમણે કોઈની પણ શેહ શરમ રાખ્યા વગર લોકશાહીની ચોથી જાગીરનો દિવડો પ્રજ્ઞ્વલિત રાખ્યો હતો. તેમના પત્રકાર તરીકેના વ્યવસાયી સંબંધો તત્કાલિન પીએમ ઈન્દિરા ગાંધી, ડો. મનમોહનસિંહ, આઈકે ગુજરાલ, અટલબિહારી વાજપેયી અને વર્તમાન પીએમ નરેન્દ્રભાઈ મોદી સાથે ઉપરાંત અન્ય નેતાઓમાં અમિતભાઈ શાહ સહિત ભાજપ અને કોંગ્રેસના અનેક નેતાઓની સાથે રહ્યાં છે. રાજકીય નેતાઓમાં તેમનું નામ માનપૂર્વક લેવાતું હતું. અનેત રાજનેતાઓ અને પત્રકારો-તંત્રીઓ વગેરેએ તેમના નિધન પ્રત્યે ભારે શોકની લાગણી દર્શાવી છે. જીએનએસ પણ સ્વ. પારેખસાહેબને ભાવભીની શોકાંજલિ અર્પે છે.

સ્વ.ની પ્રાર્થના સભા શુક્રવાર ૨૦મીએ માણેકબાગ હોલ, આંબાવાડી ખાતે સવારે ૯થી ૧૨ની વચ્ચે રાખવામાં આવી છે.

# ધાનેરા તાલુકાના સોતવાડા ગામેથી બે મહિના અગાઉ ગુમ થયેલો બાળક મળી આવતા પરિવારજનોમાં ખુશીની લહેર

ધાનેરા તાલુકાના ગામે સોતવાડા રહેતો વિક્રમ પાટણ ખાતે હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી રહ્યો હતો અને આજથી બે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી આ ઘટના વિક્રમ સુધી પહોંચી હતી અને આજે બે મહિના કરતાં પણ વધુ સમય તેને સાઈકલ પર લાંબી મુસાફરી કરી હતી અને તે બાદ તે એક તબેલા માં નોકરી અર્થે રહ્યો હતો અને ત્યાં એક પશુ ચિકિત્સક દ્વારા



મહિના અગાઉ વિક્રમ હોસ્ટેલમાંથી લાયબ્રેરી એ જવાનું કઈ સાઈકલ લઈને નીકળી ગયો હતો અને તે બાદ તે ન મળી આવતા પરિવારજનો તેમજ હોસ્ટેલ સંચાલકો પાટણની બી ડિવિઝન પોલીસ મથકમાં પહોંચ્યા હતા અને ત્યાં બાળક ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી પરંતુ બે મહિના કરતાં વધુનો સમય વિતવા છતાં વિક્રમની કોઈ જ ભાળ ન મળતા વિક્રમના પરિવારજનોએ મીડિયાનો સહારો લીધો હતો અને મીડિયા સમક્ષ તેમની આપવીતી જણાવી હતી ત્યારે મિડીયા તેમજ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા મેસેજ ને લઈ આ બાળક ગુમ થયેલો છે તેવી વાત કરી હતી અને સમગ્ર ઘટનાની જાણ પરિવારજનોને કરતા એમના પરિવારજનો સહિત પોલીસ વિક્રમને લેવા માટે અમદાવાદ ખાતે પહોંચી હતી અને ત્યાંથી વિક્રમને લઈ પાટણ ખાતે આવી અને તે બાદ ધાનેરા વહેલી સવારે ધાનેરાના સોતવાડા ગામે ઘરે લઈ આવ્યા હતા તો ત્યાં પરિવારો વિક્રમને જોઈ ખૂબ જ ખુશ થયા હતા અને વિક્રમને જોઈ પરિવારજનોની આંખો ભરાઈ આવી હતી.

બાદ વિક્રમ અમદાવાદ ખાતેથી મળી આવતા પરિવારજનો ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ વિક્રમ મળી આવતા પરિવારજનો એ મીડિયાનો અને ગ્રામજનો પણ ખુબ ખુબ આભાર માન્યો હતો વિક્રમ ને શોધવા માટે માટે વિવિધ સંસ્થા ઓ પણ આગળ આવી હતી અને વિક્રમ ને શોધવા માં સંગીતાબેન તેમજ તેમની ટીમને સફળતા મળતા વિક્રમના પરિવાર જનોએ સંગીતાબેન નું પણ સવગત કર્યું હતું.

વિક્રમને ભણવાનું પસંદ ન આવતા તે ભણતર થી દૂર રહેવા માટે જતો રહ્યો હતો અને તે બાદ

## પ્રચારનો અંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે પ્રચારના અંતિમ દિવસે ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સક્રિય રહ્યા હતા. યોગીએ શ્રેણીબદ્ધ રેલીઓ યોજી હતી. ૮૧ સભ્યોની ઝારખંડ વિધાનસભામાં સરકાર બનાવવા માટે કોઈ પાર્ટી અથવા તો ગઠબંધનને ઓછામાં ઓછી ૪૧ સીટો જીતવાની જરૂર રહેશે. શાસક પક્ષ ભાજપ અને ઓલ ઝારખંડ સ્ટુડન્ટ યુનિયન ગઠબંધન સરકારની સામે સરકાર બચાવવાનો પડકાર છે. છેલ્લી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૭ અને તેના સાથી પાર્ટીએ ૫ સીટો જીતી હતી. ત્યારબાદ રઘુવરદાસના નેતૃત્વમાં સરકારની રચના કરવામાં આવી હતી. જેની પાંચ વર્ષની અવધી પૂર્ણ થઈ ચુકી છે. ૨૦૧૪માં વિધાનસભા ચૂંટણીમાં કુલ ૮૧ સીટોમાંથી ભાજપે ૩૭ ઉપર જીત મેળવી હતી. એજેએસયુ દ્વારા પાંચ સીટો જીતવામાં આવી હતી. ઝારખંડ મુક્તિ મોરચાની ૧૯ સીટો હતી. બાબુલાલ મારન્ડીના ઝારખંડ વિકાસ મોરચાએ આઠ સીટો જીતી હતી. મોડેથી તેના છ સભ્યો ભાજપામાં સામેલ થઈ ગયા હતા. કોંગ્રેસે સાત સીટો જીતી હતી. જ્યારે અન્યોના ખાતામાં છ સીટો ગઈ હતી. પાંચમા અને અંતિમ તબક્કામાં સોરેન પરિવારની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી ગઈ છે. આ તબક્કામાં સંથાલ ક્ષેત્રમાં વોટિંગ થનાર છે. અહીં સોરેન પરિવારના બે સભ્યો મેદાનમાં છે. જેએમએમના અધ્યક્ષ અને મુખ્યપ્રધાનના દાવેદાર ગણાતા હેમંત સોરેન બે સીટ પર ચૂંટણી લડી રહ્યા છે. દુમકા અને બરહેટ બેઠક પર પરિવારના સભ્યો ચૂંટણી લડી રહ્યા છે. સંથાલ ક્ષેત્રમાં વોટિંગ ખુબ ઉપયોગી બનનાર છે. ગુરૂજી એટલે કે શિબુ સોરેનના પરિવારના સભ્યો માટે ચૂંટણી મહત્વપૂર્ણ છે. ચાર તબક્કામાં હજુ સુધી ૬૫ સીટ પર મતદાન થઈ ચુક્યુ છે. બાકીની ૧૬ સીટ પર ઝારખંડ મુક્તિ મોરચાની પ્રતિષ્ઠા દાવ પર છે.

## કલેક્ટરની તાકિદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા આયોજન મંડળ દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત ૧૩૫૦થી વધુ વિકાસ કામો ચાલી રહ્યા છે. જિલ્લા કલેક્ટરે વિકાસકામો અંગે મોનીટરીંગ સઘન કરવામાં આવે તેના પર પણ ભાર મુક્યો હતો.

આ બેઠકમાં તેમણે ૨૦૨૦-૨૧નુ આયોજન પણ જાન્યુઆરીના અંત સુધીમાં તૈયાર થઈ જાય તેમ પણ સૂચવ્યુ હતુ. તેમણે કામ પૂર્ણ થયા પછી પ્રમાણપત્રો મેળવવામાં આવે તે અંગે પણ આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દિવેલ ઉભરાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધી વન વે રહી હતી. દિવેલ ભરેલી ટ્રક પલ્ટી મારતા માર્ગ પર પથરાયેલા ઓઈલના લીધે ચ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો હતો. ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો પર સર્કલો વિશેષ રીતે વિકસિત કરાયા છે. નગરની આગવી ઓળખ સમાન આ સર્કલો માર્ગો પરનુ આકર્ષણ બની રહ્યા છે. શહેરના માર્ગો પર સર્કલો એકરીતે ચાર રસ્તા પાસે વાહનોમાં ગતિ નિયંત્રણ કરવાનુ કામ પણ કરે છે. જો કે હવે ટ્રાફિક નિયમનને અનુલક્ષી ટ્રાફિક સિગ્નલ પણ કાર્યરત થઈ જતા ટ્રાફિકની અવરજવર વધુ સરળ બની છે. પરંતુ નગરના ચ માર્ગ પર સ્થિત ચ-૩ નુ સર્કલ ઘણાં વર્ષોથી અકસ્માત ઝોન હોવાનુ પુરવાર થયુ છે. ચ-૩ સર્કલો પર વાહનો પલ્ટી મારવાના અત્યાર સુધી સેંકડો બનાવો બનવા પામ્યા છે. ચ-૩ નુ વિશાળ સર્કલ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યુ છે. જેમાં ખાસ કરીને મોડી રાત્રે તેમજ વહેલી પરોઢના સમયે ટ્રક સહીતના હેવી વાહનો પલ્ટી મારી જાય છે. જેના લીધે ભુતકાળમાં પણ અનેકવાર અકસ્માતો સર્જાયા છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા આ સર્કલને અનુલક્ષી આસપાસનો વિસ્તાર વિશેષ રીતે ડેવલપ કરાયો હતો. જયારે આ યોજનાના ભાગરૂપે સર્કલ આસપાસનો વિસ્તાર ઉંચો લાવી ઝીબ્રા ક્રોસીંગ તેમજ સેન્ટ્રલ વર્જમાં ચેઈન લીંક જાળી પણ મુકવામાં આવી હતી. જો કે આ યોજનાના ભાગરૂપે નગરના કુલ પાંચ સર્કલ એરિયાને ડેવલપ કરવા માટે આયોજન કરાયુ હતુ. બાકીના સર્કલો પર કામ ચાલી રહ્યુ છે. પરંતુ ચ-૩ સર્કલ વિસ્તારને સુશોભિત અને સલામત બનાવવા નો હેતુ હજુ પણ સાર્થક થયો નથી. આ સર્કલ મોટુ હોવાના લીધે અકસ્માત થવાની સાથે હેવી વાહનો પલ્ટી મારી જતા હોવાની વાત પણ અનેકવાર ચર્ચાનો વિષય બને છે.આવા સંજોગોમાં આ મામલે માર્ગ મકાન વિભાગે પણ સલામતીના ભાગરૂપે સર્કલ પર વાહનોની અવરજવરને વધુ સલામત બનાવવા માટે વિશેષ આયોજન કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના ચ માર્ગ પર આજે વહેલી સવારે દિવેલ ભરેલુ ટેન્કર પલ્ટી મારતા અકસ્માત સર્જાયો હતો જયારે ટેન્કરે પલ્ટી મારતા આ વિસ્તારમાં માર્ગો પર દિવેલ રેલાઈ ગયુ હતુ. જેના લીધે માર્ગ પર જતા વાહનો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ સર્જાઈ હતી. પરંતુ ડેપ્યુટી મેયર નાજાભાઈને આ ઘટનાની જાણ થતા તેમણે સ્થળ પર જેસીબી મોકલી માટી પથરાવી દીધી હતી જયારે પોલીસ તંત્રએ પણ બેરિકેટસ મુકીને ટ્રાફિકની અવરજવર વન વે કરી દીધી હતી સાંજ સુધી આ માર્ગ વન વે રહ્યો હતો.

## પુરસ્કાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંભવામિ યુગે યુગે નામે લઘુનવલ તથા બાલ વંદના જેવા બાળ સાહિત્ય ઉપરાંત અખબારી કટાર લેખન તરીકે વર્ષો સુધી સેવા આપી છે. તેમને સાહિત્યસર્જન ક્ષેત્રે સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનવામાં આવ્યા છે. તેઓ વ્યવસાયે શિક્ષક અને પ્રાધ્યાપક ઉપરાંત સરકારી અધિકારી રહી ચુક્યાં છે. તેમને મળનારા સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સાહિત્ય જગતમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

## ફગાવાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, અમે કોર્ટના ચુકાદાનું સ્વાગત કરીએ છીએ. ન્યાયના પગલા હજુ આગળ વધી રહ્યા છે. ચુકાદાનો ઈંતજાર માત્ર અમે જ નહીં બલ્કે સમગ્ર દેશના લોકો કરી રહ્યા છે. નિર્ભયાના દોષિતોને વહેલીતકે ફાંસી આપવા માટે દિલ્હી કોર્ટમાં દાખલ અરજી પર આજે સુનાવણી થઈ હતી. પટિયાલા હાઉસ કોર્ટમાં આગામી ૭મી જાન્યુઆરી દિવસે કરવામાં આવનાર છે. અપરાધીઓને વહેલીતકે ફાંસી આપવાની માંગ અરજીદારો દ્વારા કરવામાં આવી છે. બીજી બાજુ દોષિતોના વકીલ એપીસિંહે કહ્યું હતું કે, ૭મી જાન્યુઆરી સુધીનો સમય રહેલો છે. અમે વધુ અપીલ કરીશું. અક્ષય ઠાકુરના વકીલે રિવ્યુ પિટિશન ફગાવી દીધા બાદ ક્યુરેશન પિટિશન દાખલ કરવાની વાત કરી છે. આ કેસને રાજકીય લાભ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ટ્રાયલમાં મહત્વપૂર્ણ પુરાવા તરફ ધ્યાન આપવામાં આવ્યું હતું. ડેથ વોરંટના સંદર્ભમાં ચુકાદો હાલમાં ટળી ગયો છે. ચાર દોષિતો મુકેશસિંહ, વિનય શર્મા, પવન ગુપ્તા અને અક્ષય ઠાકુરને વહેલીતકે ફાંસી આપવાની માંગ કરીને કોર્ટ પાસેથી ડેથ વોરંટ જારી કરવાની માંગ કરવામાં આવી હતી.

## ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા બાદ ત્રણ પડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી ધાર્મિક અત્યાચારનો સામનો કરી રહેલા લઘુમતિ શરણાર્થી લોકોન ભારતીય નાગરિકતા આપવામાં આવનાર છે. આ કાનુન હેઠળ ત્રણ દેશોના લઘુમતિ લોકો હિન્દુ, શિખ, ખ્રિસ્તી અને બૌદ્ધ સમુદાયના લોકોને નાગરિકતા આપવામાં આવનાર છે. જે લોકો આ સમુદાયના લોકો ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ પહેલા ભારત આવ્યા હતા તેમને ભારતની નાગરિકતા આપવામાં આવનાર છે. નાગરિક સુધારા બિલને રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે ગયા ગુરૂવારે મોડીરાત્રે લીલીઝંડી આપી દીધી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. રાષ્ટ્રપતિએ મોડી રાત્રે બિલ પર હસ્તાક્ષર કરી દેતા આ હવે કાનુન બની ગયુ છે.

## સભ્ય નહીં હોય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંકળાયેલા દિગ્ગજોને સ્થાન મળી શકે છે તેવી અટકળો વહેતી થઈ હતી. કેટલાક માધ્યમોમાં એવા અહેવાલ પણ હતા કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને રામ મંદિર ટ્રસ્ટમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી શકે છે. જો કે અમિત શાહે તમામ અટકળો મુદ્દે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, રામ મંદિર નિર્માણ માટેના ટ્રસ્ટમાં ભાજપનો કોઈ જ સભ્ય નહીં રહે. શાહે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, 'હું બે બાબતો સ્પષ્ટ કરવા માંગુ છું. એક તો એ કે ભાજપનો કોઈ જ સભ્ય રામ મંદિર નિર્માણ માટેના ટ્રસ્ટમાં નહીં હોય અને બીજું એ છે કે રામ મંદિરના બાંધકામમાં સરકાર કોઈ ખર્ચ કરશે નહીં.' મંદિર નિર્માણના પ્રોજેક્ટને સંભાળી રહેલા લોકો તેને પૂર્ણ કરવાનો સમયગાળો નક્કી કરશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રે મંદિર નિર્માણ માટેની જરૂરી પ્રક્રિયા ૯૦ દિવસમાં પૂર્ણ કરવા જણાવ્યું છે અને અમે એ મુજબ કરીશું, તેમ શાહે જણાવ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં જીવદયાપ્રેમીનુ અનોખું અભિયાન ચલાવતા નિલેશભાઈ જોશી

માણસને કોઈ પીડા, દુઃખ કે વેદના થાય તો બોલીને વ્યક્ત કરી શકે, કોઈની મદદ પણ માંગી શકે. પરંતુ પૃથ્વી



પરના અસંખ્ય અબોલા-મૂંગા જીવોને જ્યારે કોઈ ઈજા થવાથી પીડા થાય ત્યારે એ પશુ પંખીઓની અસહ્ય વેદના કહેતો કહે કોણે ? મૂંગા પશુ પંખીઓની અસહ્ય પીડા અને પારાવાર વેદનામાં નિલેશભાઈ સહભાગી બન્યા છે. જીવદયાપ્રેમની સરાહનીય પ્રવૃત્તિ દ્વારા અત્યાર સુધીમાં નિલેશભાઈએ વેદનાથી કણસતા સેંકડો મુંગા પશુ પંખીઓની સારવાર કરી નવજીવન બક્ષ્યું છે. તેઓ સાથે વાત કરતાં આ માનવીય કાર્ય કર્યાનો અનેરો સંતોષ તેમની આંખોમાં ઉભરી આવે છે. નિલેશભાઈ જ્યારે પોતાનું દિલ ખોલે છે અને આ મુંગા પશુ પંખી ઓની વેદનાને પોતે વાચા આપે છે ત્યારે સાંભળતા જ હૃદય હચમચી જાય છે.

થોડા વર્ષો પહેલા ઉનાળા દરમિયાન મોડાસા નગરમાં ગોલ્ડન સર્કસ આવ્યું હતું. એ સર્કસમાં વાઘ, હાથી જેવા વન્ય પ્રાણીઓનો ખેલ માટે ઉપયોગ થતો. એ અરસામાં સમાચાર પત્રમાં સમાચાર છપાયા કે કોઈપણ વન્યપ્રાણીને ઈજા પહોંચાડી, પરેશાન કરી શકાય નહીં. આવું કરવું કાયદેસર ગુનો બને છે. આ સમાચાર મળતાં ગોલ્ડન સર્કસવાળા વાઘનું પાંજરુ ખુલ્લા મેદાનમાં છોડી ત્યાંથી ચાલી નીકળ્યા. ઉનાળાનો આકરા તાપમાં ખુલ્લા પાંજરામાં રહેલો વાઘ સહન કરી શકતો નહીં. એટલી ગરમીમાં દિવસો સુધી વાઘને કોઈએ પાણી શુદ્ધા કોઈએ પાયું નહીં. પાંજરૂ પણ એટલું નાનું હતું કે વાઘ મુક્ત રીતે પાંજરામાં ફરી શકે નહીં અને ૪૫ ડિગ્રીમાં ગરમ થયેલું લોખંડનું પાંજરું વાઘને અડકતા, વાઘનું શરીર અનેક જગ્યાએથી દાજી ગયું હતું. ભૂખ્યો તરસ્યો વાઘ કણસતો હતો. વાઘની દશા દયનિય હતી. શહેરના લોકોના ટોળે ટોળા વાઘ જોવા આવતા. પરંતુ વાઘના પાંજરાને કોઈ



ઝાડના છાંયડામાં મુકવા કોઈ તૈયાર ન હતું. આ સમાચાર નિલેશભાઈને મળતા તેઓ વાઘના પાંજરા પાસે પહોંચ્યા. જોતા જ તેઓ પરિસ્થિતિ પામી ગયા. અને તેઓ પહોંચી ગયા કલેકટર કચેરી ખાતે. ફોરેસ્ટ ખાતાની મદદ લઈ આ વાઘને જંગલમાં છોડવા માટે તેઓએ રજુઆત કરી પરંતુ જોઈએ એવો પ્રતિસાદ ન સાંપડ્યો. બીજા દિવસે ફરી તેઓ તેના જવાબદાર અધિકારીની ઓફિસે પહોંચ્યા. અને એ દિવસે નક્કી કર્યું કે જો આ વાઘને યોગ્ય જગ્યાએ આજે ખસેડવામાં ન આવે ત્યાં સુધી અહીંથી ઘરે જવું નહીં. નિલેશભાઈ અધિકારીની સામે જ પલોઠી વાળી બેઠા. કલાકો વીત્યા પછી છેવટે કંટાળી એ અધિકારીએ વાઘને ત્યાંથી હટાવી જંગલના મુક્ત વાતાવરણમાં છોડી મુકવામાં આવ્યો.